કેબલના પાઈપમાં દારૂનો 'કરંટ'

કારેલા પાસે વડોદરા જતી ટ્રકમાંથી રૂ.૨૭.૯૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

SMCની કાર્યવાહી, ડ્રાઈવરની અટકાયત, સાત સામે ગુનો દાખલ

ભરૂચઃ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર કારેલા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ઈંગ્લિશ દારૂની ૭,૩૯૨ બોટલો અને અન્ય મુદ્દામાલ સાથે એક કન્ટેનર ટ્રક સાથે રૂ.૫૨.૧૫ ઝડપી લીધો હતો. આ ઘટનામાં ભરૂચ રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

SMC ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, 'અશોક લેલેન્ડ બંધ બોડીના કન્ટેનર નં.(GJ-૨૧-Y-૬૯૭૦)માં ગોવાથી ટ્રાન્સપોર્ટના સામાનની આડમાં ગેરકાયદે રીતે ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરાવી વડોદરા તરફ લઈ જવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે SMCના ASI નિલેષભાઈ અશોકભાઈ અને તેમની ટીમે હાઈવે પર વોચ ગોઠવી હતી. લગભગ રાત્રે ૮:૩૦ વાગ્યાના અરસામાં ભરૂચના કારેલા પાસે શંકાસ્પદ ટ્રકને અટકાવવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાં ફીનોલેશ કેબલ કંપનીના પાઈપોનાં બંડલ નીચે ખાખી પૂઠાનાં બોક્સમાં ઈંગ્લિશ દારૂની બોટલો છુપાવેલી મળી આવી હતી, જેમાં વિદેશી દારૂમાં અલગ-અલગ કાચની અને પ્લાસ્ટિકની કુલ ૭,૩૯૨ બોટલો જેની કિં.રૂ.૨૭,૯૮,૪૦૦, દારૂની હેરફેરમાં વપરાયેલી અશોક લેલેન્ડ બંધ બોડી ટ્રક રૂ.૧૫,૦૦,૦૦૦, એક મોબાઈલ રૂ.૧૦,૦૦૦, દારૂ છુપાવવા માટે વપરાયેલા RPVC પાઈપોનાં બન્ડલ (૨૯૦) અને બોક્સ (૧૦) કિં.રૂ.૯,૧૧,૮૨૮ મળી કુલ રૂ.૫૨,૧૫,૨૨૮નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે ટ્રકના ડ્રાઈવર ગુલફાન ઉર્ફે મુન્ના ઉર્ફે સુલતામિર્ઝા હમીદખાન પઠાણ (ઉં.વ.૨૫) ની ધરપકડ કરી હતી. તે મૂળ ઉત્તર પ્રદેશના બાંદાનો વતની છે, પરંતુ હાલ વાપી રહે છે. તેણે ગોવાના પ્રમોદ યાદવના સંપર્કમાં હોવાની કબૂલાત કરી હતી. જેણે આ ખેપ મોકલાવી હતી. પ્રમોદ યાદવે દારૂ ભરવા માટે તેના માણસ બબલુ શેખને લોકેશન મોકલવાની અને રૂ.૩૦,૦૦૦ આપવાની વાત કરી હતી. આ વચ્ચે એક અજાણ્યો શખ્સ મોપેડ નં.(GA-05-R-9913) લઈને દારૂ ભરવા આવ્યો હતો અને બે કલાક પછી દારૂ ભરેલું કન્ટેનર પરત આપી ગયો હતો. વધુમાં એમ પણ જણાવ્યું કે, તેને વડોદરા નજીક ટોલનાકા પાસે માલ સોંપવાનો હતો. આ રેકેટમાં દારૂનો જથ્થો મોકલનાર પ્રમોદ યાદવ, દારૂ ભરવા માટે લોકેશન મોકલનાર બબલુ શેખ (બંને રહે.,ગોવા, કન્ટેનર)નો માલિક દેવવ્રત ત્રિપાઠી (રહે.,વાપી), મોપેડ નં.(GA-05-R-9913) અને સ્કૂટર નં.(GA-03-AD-6283) ના માલિકો, વડોદરા ખાતે માલ લેવા આવનારો અજાણ્યો માણસ વોન્ટેડનાં નામનો ઘટસ્ફોટ કર્યો હતો. જે બાબતે ભરૂચ રૂરલ પોલીસે પ્રોહિબિશન એક્ટ ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

જંબુસરમાં જુગાર રમતા બે પકડાયા

ભરૂચઃ ભરૂચ LCB ટીમ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, ઈકબાલ નવસાદ મલેક દ્વારા જંબુસર ખાતે ડિલક્ષ શોપિંગ સેન્ટર કાવી રોડ પર જાહેરમાં લોકોને બોલાવી આંકડા લખાવીને હાર-જીતનો જુગાર રમાડે છે. આ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં બે શખ્સ મળી આવ્યા હતા. તેમની પૂછપરછ કરતાં એકે પોતાનું નામ ઈકબાલ નવસાદ નિઝામ મલેક (ઉં.વ.૫૭) અને બીજાએ પોતાનું નામ ઈશ્વાહીમભાઇ રહીમભાઈ મલેક (ઉં.વ.૫૬) હોવાનું જણાવ્યું હતું. બંને જંબુસરના જ રહેવાસી છે. ઝડતી દરમિયાન ઈકબાલ પાસેથી એક બુક મળી આવી હતી, જેમાં જુગારના આંકડા લખેલા હતા. જ્યારે ઈશ્વાહીમભાઇ પાસેથી રોકડા રૂ.૬૫૦૦ મળી આવ્યા હતા. આ ગુનામાં મુખ્નીયારબેગ ઉર્ફે મુકુ ડેડી નામના વ્યક્તિએ આ બંને આરોપીને મદદ કરી હોવાનું સામે આવ્યું છે. તે હાલ ફરાર છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવી તાલુકા પંચાયત ખાતે સંકલન સમિતિની બેઠક મળી

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકા પંચાયતના સભાખંડ ખાતે તાલુકા કક્ષાની સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માનનીય કુંવરજીભાઈ હળપતિ, તાલુકાના પદાધિકારીઓ અને વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.આ બેઠક દરમિયાન માંડવી પંથકમાં ચાલી રહેલા વિવિધ માળખાકીય વિકાસકાર્યો, પંચાયત હસ્તકના પ્રોજેક્ટ્સ તેમજ આયોજિત કામોની પ્રગતિ અંગે ઝીણવટભરી ચર્ચા હાથ ધરવામાં આવી હતી. તાલુકાના સર્વાંગી વિકાસને વેગ મળે તે હેતુથી પ્રગતિ હેઠળના કામો ગુણવત્તા સાથે નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા ભાર મુકાયો હતો. નાગરિકોને રોજિંદા જીવનમાં સ્પર્શતા પ્રાથમિક પ્રશ્નો જેવા કે રસ્તા, પીવાનું પાણી, વીજળી અને આરોગ્ય સંબંધિત સુવિધાઓ અંગે વિસ્તારપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. કુંવરજીભાઈ હળપતિએ ઉપસ્થિત અધિકારીઓને પ્રજાના પાયાના પ્રશ્નોને પ્રાથમિકતા આપી સત્વરે ઉકેલ લાવવા સૂચના આપી હતી.

લીલગઢ ગામે ખેડૂતો માટે કિસાન ગોષ્ઠી યોજાઈ

દીપલ સોની

રાજપીપળાઃ તિલકવાડાના લીલગઢ ગામે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ખેડૂત ભાઇઓ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ગોષ્ઠી દરમિયાન પ્રાકૃતિક કૃષિ અને કઠોળ પાકોના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા મેળવવા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પાણીની બચત અને તેના કાર્યક્ષમ ઉપયોગ માટે ખેડૂતોને પરંપરાગત પદ્ધતિના બદલે ટપક અને ફુવારા સિંચાઈ પદ્ધતિ અપનાવવા માટે ખાસ અનુરોધ કરાયો હતો. સાથે જ, આધુનિક ખેતીમાં ખાતરના સચોટ ઉપયોગ માટે નેનો યુરિયા અને નેનો ડીએપીના ફાયદા વિશે પણ વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ગોષ્ઠીમાં ઉપસ્થિત કૃષિ નિષ્ણાતો દ્વારા ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે ખેતીવાડી, બાગાયત અને પશુપાલન વિભાગની વિવિધ સરકારી સહાયલક્ષી યોજનાઓની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

નર્મદા જિલ્લામાં એક માસમાં 13 હજારથી વધુ લાભાર્થીને આઈડેન્ટીફાય કરાયા

રાજપીપળાઃ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ મેળવવા માટે આધારકાર્ડ, રાશનકાર્ડ, આવકના દાખલા સહિતના પાયાના દસ્તાવેજો ખૂબ જ જરૂરી હોય છે. પ્રજાજનોને આવા દસ્તાવેજો તથા વિવિધ સરકારી સેવાઓનો લાભ તેમના રહેઠાણની નજીકના સ્થળે અને શક્ય તેટલી સરળતાથી તથા ઝડપી મળી રહે એ હેતુથી 'સેવાસેતુ 2.1' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત છેલ્લા એક માસના નર્મદા જિલ્લામાં 13275 લાભાર્થીને આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે. 'સેવા સેતુ 2.1'ના પ્રથમ તબક્કા હેઠળ તા.6/8/2026થી તા.19/9/2026 દરમિયાન તાલુકા કક્ષાએ વિવિધ સેવાઓ અને દસ્તાવેજોને લગતી કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ નાગરિકોને જરૂરી પાયાના દસ્તાવેજો તૈયાર કરાવવામાં મદદરૂપ થવાનો તેમજ વિવિધ સરકારી યોજનાઓના લાભ મેળવવા માટેની પ્રક્રિયા સરળ બનાવવાનો છે.

આજથી નર્મદા જિલ્લામાં પોષણ માસનો પ્રારંભ થશે

દીપલ સોની

રાજપીપળાઃ આજે તા.૯ સપ્ટેમબરના રોજથી સમગ્ર દેશની જેમ નર્મદા જિલ્લામાં પણ પોષણ માસનો પ્રારંભ થશે. પોષણ માસના સુચારૂં આયોજન અને વિવિધ વિભાગોના સંકલન અંગે જિલ્લા વિકાસ અધિકારી આર.વી.વાળાની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. તા.૯ સપ્ટેમબરથી તા.૮ ઓક્ટોબર સુધી યોજાનારા પોષણ માસના કાર્યક્રમનું આયોજન સુચારૂં રીતે થાય અને ઉજવણી સાર્થક બને એ માટે જિલ્લા વિકાસ અધિકારી આર.વી.વાળાએ ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. આગામી એક માસ સુધી ચાલનારા આ કાર્યક્રમ દરમિયાન દરેક વિભાગે તેમને સોંપવામાં આવેલી કામગીરી ગંભીરતાથી કરવા માટે તાકીદ કરી હતી.

બારડોલીની BABS હાઇસ્કૂલની બે વિદ્યાર્થિની હેન્ડબોલમાં ઝળકી

બારડોલીઃ બારડોલીની બીએબીએસ સ્કૂલની બે વિદ્યાર્થિનીએ હેન્ડબોલ સ્પર્ધામાં સિદ્ધિ મેળવી છે. બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા હતા. એમ.કે.પટેલ પ્રા. શા. મઢી મુકામે જિલ્લા કક્ષાની એસ.જી.એફ.આઈ. ચુ-14, ચુ-17 તેમજ ચુ-૧૯ની હેન્ડબોલ સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંડર-19 બીએબીએસ સ્કૂલની બે વિદ્યાર્થિની સિંહ સુપ્રિયા રાઘવેન્દ્ર, મિશ્રા આંચલ રત્નાકર વિજેતા બની રાજ્ય કક્ષાએ પસંદગી પામી છે. બંને વિદ્યાર્થિનીને તાલીમ આપનાર હિમાંશુ આર. પારેખ, ડો.રૂમિતભાઈ શાહને બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલના ચેરમેન હસમુખભાઈ એમ. પટેલ, ડો.વ્યોમ બી.પાઠક તથા તમામ હોદ્દેદારો અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યાં છે.

ભરાડા ખાતે કબડ્ડી ટુર્નામેન્ટ યોજાઈ

ચિકદાઃ ડેડિયાપાડાના ભરાડા (ખાબજી) ગામ ખાતે શનિવારે એક ભવ્ય કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે સાંજથી શરૂ થયેલી આ સ્પર્ધા રોમાંચક મુકાબલાઓ બાદ રવિવારે સવારે સંપન્ન થઈ હતી. ટુર્નામેન્ટના ફાઇનલ મુકાબલામાં મંડાળા અને ચારણીની ટીમો આમને-સામને આવી હતી. બંને ટીમો વચ્ચે જોરદાર અને રોમાંચક મુકાબલો જોવા મળ્યો, જેમાં મંડાળા ટીમે શાનદાર પ્રદર્શન કરી વિજય મેળવ્યો હતો. ટુર્નામેન્ટમાં મંડાળા ટીમે પ્રથમ, ચારણી ટીમે દ્વિતીય જ્યારે નવાગામ (પાનુડા) ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે પ્રિન્સિપાલ જીતુભાઈ બાગુલ, સામાજિક આગેવાનો રમીલાબેન અને નરોત્તમભાઈ, મંડાળા ગ્રામ પંચાયતના સરપંચ જયદીપભાઈ, ડેડિયાપાડા તાલુકા પંચાયત સભ્ય અજયભાઈ તેમજ ચીકદા તાલુકા પંચાયત સભ્ય અજીતભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન સંજયભાઈ વસાવા અને ભરાડા ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું.

જામની ગામના વિદ્યાર્થીઓને હવે 3 કિ.મી.પગપાળા ચાલવું નહીં પડે

'ગુજરાતમિત્ર'ના અહેવાલ બાદ ૧૭ દિવસમાં જ એસટી વિભાગે બસ સેવા શરૂ કરી

લાચારી
ભણવા માટે 3 કિ.મી. ચાલવું પડે છે
ગત .21મી ઓગસ્ટે છપાયેલો અહેવાલ

સાગબારા, ભરૂચઃ ચિકદા અંતરિયાળ જામની ગામના વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે રાહતરૂપ સમાચાર છે. ચિકદા અંતરિયાળ જામની ગામના વિદ્યાર્થીઓની 'ભણવા માટે 3 કિ.મી. ચાલવું પડે છે' ટાઈટલ હેઠળ એકમાત્ર 'ગુજરાતમિત્ર' અખબારમાં ગત .21મી ઓગસ્ટે પગપાળા ચાલતા જતા વિદ્યાર્થીઓની પીડાનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. આ અહેવાલ દ્વારા પ્રશ્નો ઉજાગર થતાં માત્ર ૧૭ દિવસના ટૂંકા ગાળામાં જ એસટી વિભાગે હકારાત્મક પગલું ભરીને જામનીથી ડેડિયાપાડા સુધી નવી બસ સેવા શરૂ કરી દીધી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશની આઝાદીને ૮૦ વર્ષ પૂર્ણ થયાં છતાં પણ જામની ગામને આજ સુધી સીધી બસ સુવિધા મળી ન હતી. પરિણામે નાનાં બાળકો સહિતના વિદ્યાર્થીઓ રોજિંદા ત્રણ કિ.મી. પગદંડી ચાલીને ગંગાપુર જઈ બસમાં સવાર થતા હતા, જેના કારણે સમયનો ભારે વ્યય થતો હતો અને ક્યારેક શારીરિક કફોડી સ્થિતિ પણ સર્જાતી હતી. આ સાથે અન્ય મુસાફરોને પણ પગપાળા માર્ગે જઈને પરિવહન સુવિધાનો લાભ લેવો પડતો હતો. 'ગુજરાતમિત્ર'ના આ સંવેદનશીલ અહેવાલની અસર તાલુકા, જિલ્લાથી માંડીને ગાંધીનગર સુધી થઈ હતી. અહેવાલમાં વિદ્યાર્થીઓની શાળાએ હાજરી, ડ્રોપઆઉટ રેશિયો અને ગામની અગવડતાને ગંભીરતાથી ધ્યાને લઈને રાજપીપળા એસટી વિભાગે તાત્કાલિક કાર્યવાહી કરી હતી. નવા રૂટ મુજબ સવારે ૮ વાગ્યે ડેડીયાપાડાથી જામની તરફ બસ ઉપડશે, જ્યારે સાંજે શાળા છૂટ્યા બાદ ૫ વાગ્યે આ જ રૂટ પર વિદ્યાર્થીઓને ઘરે પહોંચાડવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવી છે.

બેટરી એસિડના સપ્લાયમાં વેપારી પોતે જ 'ઓવરચાર્જ' થઈ ગયા!

અંકલેશ્વરમાં 7 લાખની સાયબર ઠગાઈઃ નકલી ઓર્ડર આપી બેટરી એસિડના નામે ઠગાઈ

ભરૂચઃ અંકલેશ્વરના એક વેપારી સાથે ઓનલાઈન ઠગોએ બેટરી એસિડના નામે રૂ.6,99,985ની છેતરપિંડી કરી હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

અંકલેશ્વર GIDCમાં ખુશ એક્ઝોટિકા ફ્લેટ-105માં રહેતા મનીષકુમાર બબલદાસ પટેલ અંકલેશ્વર GIDCમાં શ્યામ એન્ટરપ્રાઈઝ નામની કંપની ધરાવે છે અને બેટરી એસિડનો વેપાર કરે છે. તેમણે પોલીસને જણાવ્યું કે, 17 ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તેમના મોબાઈલ પર +917582075903 નંબરથી એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. કોલ કરનારે પોતાને અમદાવાદના કેન્ટોનમેન્ટ બોર્ડ ઓફિસનો રાજેશ કુમાર તરીકે ઓળખાવ્યો અને 1250 ગ્રેવિટી બેટરી એસિડની માંગણી કરી હતી. ઠગે પહેલા કોલ કરી કિંમત પૂછી અને ત્યારબાદ વોટ્સએપ દ્વારા 20 લિટરની 350 બોટલ અને 35 લિટરની 450 બોટલ માટે ઓર્ડરની વાત કરી હતી. વિશ્વાસમાં લઈ ફરિયાદીએ 18 ઓગસ્ટે વોટ્સએપથી કુલ રૂ.8,30,813નું કોટેશન મોકલ્યું હતું.

ઠગોએ ફરિયાદીને જુદી જુદી બેંકોના ખાતામાં રકમ જમા કરવા માટે કહ્યું હતું. ફરિયાદીએ કુલ રૂ.6,99,995 જમા કર્યા હતા, જેમાંથી માત્ર રૂ.10 પરત આવ્યા. બાકીના રૂ.6,99,985ની છેતરપિંડી થઈ હતી. જે બાબતે સાયબર ક્રાઈમ ભરૂચમાં અજાણ્યા ઠગો સામે ધી ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એમેન્ડમેન્ટ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

તિલકવાડાના વઘેલી ગામે જુગાર રમતા ૬ ઝડપાયા

રાજપીપળાઃ તિલકવાડા તાલુકાના વઘેલી ગામે વડવાળુ ફળિયામાં આવેલા આર.સી.સી. રોડ પર ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા-પાનાનો હાર-જીતનો જુગાર રમી રહેલા ૬ ઈસમને પોલીસે દબોચી લીધા હતા.

તિલકવાડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રકુમાર કિશોરભાઈ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન જુગારની બાતમીના આધારે વઘેલી ગામે રેડ કરી હતી. પોલીસે સ્થળ પર કુંડાળું વળી જુગાર રમતા અક્ષયભાઈ તડવી, કરણભાઈ તડવી, રાજેશભાઈ તડવી, પ્રભુદાસભાઈ બારિયા, રાકેશભાઈ તડવી અને ઠાકોરભાઈ તડવીને કોર્ડન કરીને ઝડપી લીધા હતા. આ આરોપીઓની અંગજડતીમાંથી રોકડા રૂ.૧,૬૩૦, દાવ પરના રૂ.૩૦૦ અને પત્તાં-પાનાં મળી કુલ રૂ.૧,૯૩૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. તિલકવાડા પોલીસે છ આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં ટી-સિરીઝનાં ગીતોના ગેરકાયદે ઉપયોગ બદલ કાર્યવાહી

ગોલ્ડન ફોટો સ્ટુડિયો પર પોલીસના દરોડા, રૂ.40 હજારનો સામાન જપ્ત કરાયો

ભરૂચઃ ભરૂચ શહેરના મોહમદપુરા વિસ્તારમાં આવેલા ઝમઝમ શોપિંગ સેન્ટરના પહેલા માળે ધમધમતા 'ગોલ્ડન ફોટો સ્ટુડિયો'માં પોલીસે દરોડો પાડી કોપીરાઈટ ભંગનો મોટો મામલો ઝડપી પાડ્યો છે. સ્ટુડિયો સંચાલક દ્વારા પ્રી-વેડિંગ અને લગ્ન પ્રસંગના વિડીયોમાં જાણીતી મ્યુઝિક કંપની ટી-સિરીઝનાં ગીતોનો ગેરકાયદે ઉપયોગ કરવામાં આવતો હોવાનું સામે આવ્યું છે.

ટી-સિરીઝ કંપનીના એન્ટી પાયરસી એક્ઝિક્યુટિવ મિત દેસાઈએ આ અંગે ભરૂચ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરતાં પોલીસ વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. તપાસ દરમિયાન સ્ટુડિયોમાંથી એક કમ્પ્યુટર અને બે હાર્ડડિસ્ક કબજે કરવામાં આવ્યાં હતાં, જેમાં પ્રી-વેડિંગ અને લગ્નના વિડીયોમાં ટી-સિરીઝના લોકપ્રિય ગીતો ગેરકાયદે મિક્સ કરેલાં મળી આવ્યાં હતાં.

પોલીસ પૂછપરછ દરમિયાન સ્ટુડિયો સંચાલક રાહુલ પ્રફુલચંદ્ર મિસ્ત્રીએ સ્વીકાર્યું હતું કે તે ગ્રાહકોની માંગ અને ઓર્ડર મુજબ વિડીયોમાં ગીતોનું મિક્સિંગ અને એડિટિંગ કરતો હતો અને આ તૈયાર ડેટાનું બેકઅપ કમ્પ્યુટર અને હાર્ડડિસ્કમાં સાચવી રાખતો હતો. પોલીસે આ કેસમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને અંદાજે 40,000ની કિંમતનો ટેક્નિકલ સામાન જપ્ત કર્યો છે. સંચાલક વિરુદ્ધ કોપીરાઈટ એક્ટ અંતર્ગત ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાથી ભરૂચના અન્ય સ્ટુડિયો સંચાલકોમાં પણ સળવળાટ મચી ગયો છે.

ગણપતિ સ્થાપના માટે ઓટલો બનાવવા કહેતાં યુવક પર હુમલો

નેત્રંગના વાંકોલની ઘટના, ઘાયલ યુવકને હોસ્પિટલ ખસેડાયો

નેત્રંગઃ નેત્રંગના વાંકોલની નવી વસાહત ખાતે ગણપતિ સ્થાપના માટે ઓટલો બનાવવામાં મદદ કરવા સ્વયંસેવકોને બોલાવવા ગયેલા દીપકભાઈ રામસીંગભાઈ વસાવા પર ક્રિકેટ રમતા યુવકે બેટથી હુમલો કરતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.

ઘટનાની વિગત મુજબ તા.૬/૯/૨૦૨૬ના રોજ સાંજના આશરે ચાર વાગ્યે દીપકભાઈ વસાવા ગામના ક્રિકેટ મેદાન પર યુવાનોને ગણેશ ઉત્સવના કામ માટે બોલાવવા ગયા હતા. ત્યાં બેટિંગ કરી રહેલા રણજીત રાજેશભાઈ વસાવાને કામ માટે આવવા જણાવતાં રણજીતે પોતાની બેટિંગ ચાલુ હોવાથી પછી આવવાનું કહ્યું હતું. દીપકભાઈએ ત્યાંથી તુરંત જવાની ના પાડતાં રણજીત ઉશ્કેરાઈ ગયો હતો અને તેના હાથમાં રહેલા લાકડાના બેટ વડે દીપકભાઈના માથાના ભાગે જોરદાર ફટકો મારી દીધો હતો.

હુમલાના કારણે દીપકભાઈ લોહીલુહાણ થઈને સ્થળ પર જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. બનાવ બાદ સ્થાનિકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને તાત્કાલિક નેત્રંગ સરકારી દવાખાને ખસેડ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ ગંભીર હાલત હોવાથી અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા છે.

તબીબોના જણાવ્યાનુસાર દીપકભાઈને ડાબા કાનની ઉપરના ભાગે માથાની અંદર ફ્રેક્ચર જેવી અત્યંત ગંભીર ઈજા થઈ છે અને તેમની સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગે ઈજાગ્રસ્તની પત્ની દર્શનાબેન વસાવાએ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં આરોપી રણજીત વસાવા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વાંકલામાં શાળાનું નબળું બાંધકામ હોવાની બૂમરાણ!

વ્યારાઃ ડોલવણના વાંકલા ગામે શાળાનું નબળું બાંધકામ થતું હોવાની બૂમરાણ ઊઠી છે. ગતરોજ ગ્રામજનોએ પ્રાથમિક શાળાના નબળા બાંધકામ મુદ્દે કલેક્ટરને લેખિત આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી, જેમાં હાલમાં ચાલી રહેલા શાળાના બાંધકામમાં હલકી ગુણવત્તાની સિમેન્ટ, બિનગુણવત્તાયુક્ત ઈંટો અને તદ્દન કાચું મટિરિયલ ઉપયોગમાં લેવામાં આવી રહ્યું હોવાના આક્ષેપો કરાયા છે. આ પહેલાં પણ ગ્રામજનો દ્વારા આ મુદ્દે વિરોધ કરવામાં આવ્યો હતો. જે બાદ કોન્ટ્રાક્ટર દ્વારા કામચલાઉ ધોરણે શાળાનું બાંધકામ બંધ કરાયું હતું. જોકે, હવે ફરી એ બાંધકામ ઉપર જ અધૂરું કામ કરવાની હિલચાલ સામે વિરોધ ઊઠ્યો છે.

ડેડિયાપાડાના બંટાવાડી ગામે સાગી લાકડાંનો જથ્થો ઝડપાયો

ચિકદાઃ ડેડિયાપાડાના બંટાવાડી ગામની સીમમાંથી રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન વન વિભાગે રૂ.૧,૩૨,૬૯૭ની કિંમતના ૨૮ નંગ સાગી લાકડાં ચોરસા (૨.૧૭૦ ઘનમીટર) સાથે બોલેરો પિકઅપ નં.(GJ-19-Y-0318) ઝડપી પાડી છે. સગાઈ ફોરેસ્ટ રેન્જના સ્ટાફે બાતમીના આધારે પીછો કરીને આ કાર્યવાહી કરી હતી. આ કેસમાં કનબુડીના સોમાભાઈ વસાવા અને નાનીસીંગલોટીના ખાનસીંગભાઈ વસાવા સામે કાર્યવાહી કરાઈ છે. વન વિભાગે લાકડાં અને રૂ.૪.૫૦ લાખનું વાહન મળી કુલ રૂ.૫,૮૨,૬૯૭નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

હાંસોટમાં સરકારી જમીન પરથી દબાણો હટાવાયાં

કડક કાર્યવાહીના પગલે હાંસોટનાં અસામાજિક તત્ત્વોમાં ફફડાટ

ભરૂચઃ હાંસોટમાં તાજેતરમાં બનેલી હિંસક અથડામણ બાદ પોલીસ અને વહીવટી તંત્રે કડક ભૂમિકા ભજવી છે. અસામાજિક તત્ત્વો સામેની કાર્યવાહીના ભાગરૂપે સરકારી જમીન પર કથિત રીતે કરવામાં આવેલાં ગેરકાયદે દબાણોને બુલડોઝર ચલાવીને હટાવી દેવામાં આવ્યાં છે. આ અથડામણના મુખ્ય આરોપીઓ અબ્દુલ કાદિર કાનૂગા અને ઈદ્રિશ ખ્વાજા વિરુદ્ધ ખાસ કાર્યવાહી કરવામાં આવી હતી. હાંસોટ સર્કલ નજીક સરકારી જમીન પર તેમણે બાંધેલી કેબિનોને પોલીસ અને વહીવટી અધિકારીઓની હાજરીમાં તોડી પાડવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે સ્થળ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમગ્ર પ્રક્રિયા દરમિયાન હાંસોટ પોલીસ ઈન્સ્પેક્ટર નયન વસાવા, મામલતદાર રણજીત મકવાણા અને તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ કડક કાર્યવાહીના પગલે હાંસોટમાં અસામાજિક તત્ત્વોમાં ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.